www.prepp.in

Prepp
Your Personal Exams Guide

Language Code : **06**

# SAS-24-I

## प्रश्न-पत्र-I / PAPER-I
## गुजराती भाषा परिशिष्ट
## Gujarati Language Supplement
## भाग-IV & V / PART-IV & V

मुख्य परीक्षा पुस्तिका संख्या / Main Test Booklet No.

इस पुस्तिका में **16** मुद्रित पृष्ठ हैं।
This booklet contains **16** Printed pages.

मुख्य परीक्षा पुस्तिका कोड / Main Test Booklet Code

**J**

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 15 व 16) पर दिए निर्देशों को ध्यान से पढ़ें।**
**Read carefully the Instructions on the Back Cover (Page 15 & 16) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें। / FOR INSTRUCTIONS IN GUJARATI SEE PAGE 2 OF THIS BOOKLET.**

### परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं**।
2. परीक्षार्थी भाग I एवं भाग II **या** III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं। भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **J**। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है। अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा-I (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा-II (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं। इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं। **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए। जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा-I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें। अपने उत्तर ध्यानपूर्वक अंकित करें। उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है।

### INSTRUCTIONS FOR CANDIDATES

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Part I and Part II **OR** III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page/ marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **J**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language-I (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language-II (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part-V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) :
Name of the Candidate (in Capitals) :
अनुक्रमांक : (अंकों में) / Roll Number : in figures
: शब्दों में / in words
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) :
Centre of Examination (in Capitals) :
परीक्षार्थी के हस्ताक्षर : 
Candidate's Signature :
निरीक्षक के हस्ताक्षर :
Invigilator's Signature :
Facsimile Signature Stamp of
Centre Superintendent :

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

Language Code : **06**

આ પુસ્તિકામાં **16** પાનાં છે.

# SAS-24-I

**પેપર–I**

**ગુજરાતી ભાષા પરિશિષ્ટ**

**ભાગ IV & V**

પરીક્ષા પુસ્તિકા સંકેત

**J**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં ( 15 & 16 ) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થિઓ માટે દિશાનિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I અને ભાગ II **અથવા** III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઈંટ પેનનો** જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે **J**. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ – 2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ **60** વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે.
   ભાગ-**IV** : ભાષા-**I** (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ-**V** : ભાષા-**II** (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ-**IV** માં ભાષા-I માટે 30 પ્રશ્ન અને ભાગ-V માં ભાષા-II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા-I અને/અથવા-II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ-V(ભાષા-II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા-I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં): ____________________

અનુક્રમાંક : અંકોમાં : ____________________

: શબ્દોમાં : ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં): ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ____________________ નિરીક્ષક દસ્તખત : ____________________

Facsimile signature stamp of
Centre Superintendent ____________________

Prepp
Your Personal Exams Guide

**ભાગ-IV (પ્ર. 91 થી 120)** ફક્ત **ગુજરાતી ભાષા-I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted **GUJARATI** as **Language-I** only.

# PART-IV
## LANGUAGE-I
## GUJARATI

| સૂચના : ભાગ-IV (પ્ર. 91 થી 120 ) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા. |
|---|

**નીચેના ફકરાને કાળજીપૂર્વક વાંચી, તેની નીચે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધીને લખો.(91-99)**

શિક્ષણમાં આવતાં પરિવર્તનનોની સંખ્યા ખૂબ વધારે હોય છે. એક જમાનામાં રેતી ઉપર લખતો વિદ્યાર્થી સ્લેટ-પેનથી શિક્ષણ પામતો થઈ ગયો. તો નોટ-પેન્સિલ અને શાહીની પેનમાંથી ક્યારે બૉલપેનનો જમાનો આવી ગયો તે સમજાયું નહીં. બ્લેક બોર્ડમાંથી સ્માર્ટ બોર્ડ આવી ગયા. બે પરિમાણદર્શી શિક્ષણમાંથી ત્રિપરિમાણ અને બહુપરિમાણી શિક્ષણ તરફ આપણે જેટ સ્પીડથી પહોંચી ગયા. ભૂગોળના તાસ દરમિયાન નકશા લઈ જવાને બદલે પ્રોજેક્ટર મારફત નકશો બતાવી શિક્ષણ આપતી શિક્ષકોની નવી પેઢી પૂર ઝડપે વર્ગખંડોમાં પ્રવેશી રહી છે. વર્ગખંડો વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરાઈ જવા લાગ્યા. વિશ્વમાં બહુ મોટા પ્રમાણમાં વસ્તી વધારો થયો. કેટલાક વાલીઓને મોટી સંખ્યાવાળા વર્ગો સ્વીકાર્ય નથી. આ સંજોગોમાં કંઈક અન્ય વ્યવસ્થાનો વિચાર આવતાં કદાચ ‘ઘરશાળા’, ‘ઘરશિક્ષણ’, ‘ઘર અધ્યયન’ કે ‘ઘર અધ્યાપન’નો વિચાર ઉદ્ભવ્યો હોય. જ્હોન હોલ્ટ (John Holt) ડોરોથી (Dorothy) અને રેમન્ડ મૂરે (Raymond Mure) અમેરિકાના ત્રણ લોકપ્રિય લેખકો છે. તેઓએ લગભગ 1890 માં ‘ઘરશાળા’ વિશે પુસ્તકો લખવાનું શરુ કર્યું. તેઓને ઘરશાળાનું પગલું પ્રગતિશીલ લાગ્યું. વિવિધ સંશોધનો પણ થયા. અમેરિકામાં અત્યારે લગભગ બે મિલિયન બાળકો ઘરશાળા (Home Schooling) માં અભ્યાસ કરે છે. તે 62 વર્ષે લગભગ સાતથી પંદર ટકાના દરથી વૃદ્ધિ પામે છે. અમેરિકાનાં તમામ રાજ્યોમાં ઘરશાળાને કાયદેસરતા પ્રાપ્ત થઈ ગઈ છે. ‘તમારાને તમે શીખવો’ (Teach your own) પુસ્તકના લેખક હોલ્ટ છે. વાલીઓ આ પુસ્તક વાંચીને આનંદિત અને પ્રોત્સાહિત થઈ ગયા છે. શાળાના પ્રત્યક્ષ શિક્ષણમાંથી બાળકને ઘરે ભણાવવાની રીતના પાયામાં વાલીઓ એટલે કે મમ્મી-પપ્પાની શિક્ષણની જાણકારી, તીવ્ર ઈચ્છાશક્તિ, શોખ, સમય આપવાની તૈયારી અને દઢ મનોબળ પાયાની આવશ્યકતા છે.

**91.** ‘પરિમાણ’ એટલે શું?
(1) સંખ્યા (2) જથ્થો (3) પાસું (4) પ્રમાણ

**92.** નીચેનામાંથી ક્યુ વિધાન સાચું છે?
(1) ઘરશાળા વિશે ઘણાં પુસ્તકો લખાયાં છે.
(2) ઘરશાળા વિશે ઘણાં પુસ્તકો લખાયા છે.
(3) ઘરશાળા વિશે ઘણા પુસ્તકો લખાયાં છે.
(4) ઘરશાળા વિશે ઘણા પુસ્તકો લખાયા છે.

**93.** કેટલાંક વાલીઓ શું પસંદ કરતા નથી?
(1) વર્ગમાં સંખ્યાબહુલતા
(2) વર્ગમાં શાંતિ
(3) વર્ગમાં અશાંતિ
(4) વર્ગમાં સંખ્યાઅલ્પતા

**94.** શિક્ષણ શેની ગતિ વધારે છે?
(1) પાવર (સત્તા) (2) પૈસા (3) હરિફાઈ (4) પરિવર્તન

**95.** ‘સ્લેટપેન’ ક્યો સમાસ થશે?
(1) દ્વન્દ્વ (2) મધ્યમપદલોપી (3) ઉપપદ (4) બહુવ્રિહી

**96.** ‘ત્રિપરિમાણિય’ શબ્દમાં કઈ વ્યાકરણીય વિશેષતા છે?
(1) સમાસ (2) વિભક્તિ (3) સંધિ (4) અલંકાર

**97.** ‘આનંદ’ શબ્દનો ભાવવાહી શબ્દ શોધો.
(1) દુ:ખી (2) સુખી (3) આનંદિત (4) આનંદી

**98.** 'વ્યવસ્થા' શબ્દનો સાચો સંધિવિગ્રહ શોધો.
(1) વિસ + અવસ્થા (2) વિ + અવસ્થા (3) વ્યવહાર + અવસ્થા (4) વ્ય + અવસ્થા

**99.** 'ઘરમાં શાળા' કઈ વિભક્તિ થશે?
(1) કર્તા (2) કર્મ (3) કરણ (4) અધિકરણ

**નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો. (100-105)**

પાસે નિધિ ભર્યો અખુટ પણ એ આપી શકે કાંઇ ના,
ખોટો રોફ કરી વળી ઘૂઘવતો યાચી શકે કાંઈ ના,
વૃક્ષો ને પશુઓ બધાં વનતણાં પંખી વળી માનવી,
પામી કાંઈ શકે નહિ, ખરર! આ શો ચીકણો વારિધિ.
જો ને! પાસ નહિ બહુ પણ અરે કેવા છૂટા દિલની
લાગે આ સરિતા! નહીં ઘૂઘવતી, ના કોઈને ડારતી;
પોતા પાસ હતું ખધું જગતના ઉપયોગ કાજે ધરે,
વૃક્ષો, ઢોર, ખગો અને મનુજના આશિષ મીઠા વરે,
આવું લોક ઘણા વદે, નવ ખરે! એ સત્યને જાણતા,
જાણે કેમ કરું સુખી જગતને વિચાર એ આવતાં;
લાવી વાદળ એ ભરે જળ થકી દેખી ન કોઇ શકે.
તેથી આ જગ સૌ વળી સરિત આ ઉદાર કલ્લોલત્તાં.
થોડું દેઇ વદે ઘણું જગતમાં એવા બવા કેટલા;
આપી ખૂબ વદે નહિ શબદ એ એવા દિસે વીરલા.

**100.** કોણ ખોટો રોફ કરે છે?
(1) પર્વત (2) સાગર (3) જંગલ (4) નદી

**101.** 'આ શો ચીકણો વારિધિ' પંક્તિમાં વિશેષણ શોધો.
(1) શો (2) ચીકણો (3) વારિધિ (4) આ

**102.** સરિતા કેવા દિલની છે?
(1) કઠોર (2) મોટા (3) ધ્યાળુ (4) મૃદુ

**103.** કવિએ સમુદ્રને ચીકણો શા માટે કહ્યો છે?
(1) ભેજ છે (2) કોઈને કશું આપતો નથી
(3) ઘુઘવાટ છે (4) તેનામાં ખરાશ છ

**104.** આ જગતમાં કેવા માણસો સાવ ઓછા હોય છે?
(1) ક્રોધ (2) માયાળુ (3) સેવાભાવી (4) દંભી

**105.** 'વારિધિ' શબ્દનો સમાનાર્થી શોધો.
(1) વાઘ (2) ભેંસ (3) સમુદ્ર (4) આમંત્રણ

106. નીચેનું વાક્ય વાંચો અને એના સંદર્ભે આપેલ વિકલ્પોમાંથી ક્યો સાચો નથી તે શોધો.
જોડકણાં, બાળગીતો અને સમૂહઘોષ એ બાળકના....
(1) શબ્દો અને વાક્યરચનાઓ યાદ રાખવા માટેનો સહેતો ઉપાય છે.
(2) ઉચ્ચારણ સુધારણાની પ્રેક્ટિસ છે.
(3) વાક્યના લયને અને અભિવ્યક્તિને વિકસાવવાનો ઉપાય છે.
(4) શબ્દભંડોળને વિકસાવવાનો એક રસ્તો છે.

107. નીચેનામાંથી કઈ પદ્ધતિ બાળકોને વર્ગખંડમાં એમની સ્થાનિક ભાષામા ઉપયોગ માટે હતોત્સાહ કરે છે?
(1) પ્રત્યાયનલક્ષી પદ્ધતિ (2) પ્રત્યક્ષ પદ્ધતિ
(3) ઓડિઓલિંગ્વલ પદ્ધતિ (4) નૈસર્ગિક પદ્ધતિ

108. પ્રાથમિક કક્ષાએ ગ્રંથાલયનો ઉપયોગ નહીં કરવા સંદર્ભે નીચેનામાંથી ક્યુ સાચું નથી?
ગ્રંથાલયને કેવળ પુસ્તકોના સંગ્રહસ્થાન તરીકે મૂલવી શકાય નહીં, બલ્કે;
(1) ગ્રંથાલય પુસ્તકવાંચન માટે સક્રિય અને સુયોગ્ય વાતાવરણ પુરું પાડે છે
(2) ગ્રંથાલયમાં ઉપસ્થિત શિક્ષકો અને અન્ય પુખ્ત વાચકો વિદ્યાર્થીઓ માટે આદર્શ બની શકે છે
(3) ગ્રંથાલયમાં પુસ્તકનું સસ્વર વાચન સહેલાઈથી કરી શકાય
(4) એમને બાળસાહિત્યના વિવિધ સ્વરૂપોનો પરિચય થશે

109. વર્ણ અને ધ્વનિ વચ્ચેના સંબંધ પર ભાર મૂકવામાં આવે તે સાક્ષરતા શિક્ષણ અભિગમનું નામ શોધો.
(1) વ્યાકરણ અનુવાદ (2) સ્થિતિજન્ય અભિગમ
(3) ધ્વનિ સૂચના (4) સમગ્ર ભાષા અભિગમ

110. પાંચમા ધોરણાનો એક વિદ્યાર્થી કહે છે : ''જો મારું કામ શિક્ષક પાસે જમા કરાવલા પહેલા એની ચોકલાઈ તપાસવા માટે આપ્યું છે''- આ વિદ્યાર્થી લેખનના ક્યા તબક્કે પહોંચયો હશે?
(1) પુનઃમુસદ્દાલેખન (2) પ્રૂફવાચન (3) સૂક્ષ્મ મૂલ્યાંકન (4) મુસદ્દાલેખન

111. ત્રીજા ધોરણની શિક્ષિકા વર્ગના એક ખૂણાને રિડિંગ કોર્નર બનાવવા માંગે છે. અહીં રાખવા માટેના પુસ્તકો પસંદ કરતી વખતે નીચેનામાંથી કઈ બાબતને પ્રાથમિકતા આપવી જોઈએ?
(1) આ પુસ્તકો બાળકો વાંચીને પોતાની જાતે સમજી શકે એ સ્તરના છે કે કેમ
(2) આ પુસ્તકો ત્રીજા ધોરણના બાળકોના વાચન પાઠ્યક્રમની જરૂરત મુજબના છે કે કેમ
(3) પુસ્તકો એકથી વધુ વિષયોના અભ્યાસમાં મદદરૂપ થાય તેવાં છે કે કેમ
(4) આ પુસ્તકોના લેખકો પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત બાળસાહિત્યકારો છે

112. જિવાતા જીવનના સંદર્ભમાં ભાષાનો ઉપયોગ કરવાના વિદ્યાર્થીઓના મુખ્ય ધ્યેયને નીચેનામાંથી કઈ પદ્ધતિ દ્વારા પ્રોત્સાહન મળે છે?
(1) પ્રત્યાયનલક્ષી પદ્ધતિ (2) પ્રત્યક્ષ પદ્ધતિ
(3) ઓડિઓલિંગ્વલ પદ્ધતિ (4) નૈસર્ગિક પદ્ધતિ

113. એક શિક્ષિકા બીજા ધોરણના વિદ્યાર્થીઓને સૂચના આપે છે કે હરેકે પોતાના જોડીદારને 'શકે' નો ઉપયોગ કરીને પાંચ પ્રશ્નો પૂછવાવા છે. દા.ત. 'તું તરી શકે છે?' આ પ્રવૃત્તિ શેના માટે છે?
(1) નિયંત્રિત મૌખિક પ્રેક્ટિસ (2) મુક્ત વક્તવ્ય
(3) અક્રિય શ્રવણ માટે (4) વાણીપ્રવાહિતાની પ્રેક્ટિસ માટે

**114.** પ્રભાવક પદ્ધતિએ વ્યાકરણ ભણાવવા સંદર્ભે  નીચેનામાંથી ક્યુ સાચું નથી?

(1) વ્યાકરણના સંબંધિત નિયમાંને બાકાત કરવા

(2) પ્રત્યાયનની પ્રેક્ટિસ ઉપલબ્ધ કરાવવી

(3) નિયમો ગોળીને વ્યાકરણ શીખવું

(4) પ્રત્યાયનની વાસ્તવદર્શી રજૂઆત

**115.** એક શિક્ષિકા બીની ધોરણના વિદ્યાર્થીઓ માટે ટીચિંગ-લર્નિંગ મટિરિઅલ (TLM) એકત્ર કરે ત્યારે એ માટે નીચેનામાંથી ક્યો માપદંડ લાગુ નહીં પડે?

(1) આ સામગ્રી બાળકોને કૂતુહલપૂર્વક પ્રયોગો અને શોધખોળ કરવા માટેની પૂરતી તક આપે એવી હોવી જોઈએ.

(2) સામગ્રી સ્થાનિય સ્તરે બનેલી અથવા ઉપલબ્ધ હોવી જોઈએ જેથી અને બદલાવી શકાય.

(3) સામગ્રી બાળકો દ્વારા બનાવાયલી અને હાથમાંથી સરકી ન જાય એ માટે થોડી બરછટ હોવી જોઈએ .

(4) આ સામગ્રી આકર્ષક અને આ વયજૂથના બાળકો માટે સુરક્ષિત હોવી જોઈએ.

**116.** શિક્ષિકાએ વિદ્યાર્થીઓને પોતપોતાના જોડીદાર સાથે પોતે કરેલા કામની અદલાબદલી કરીને પરસ્પરનું કામ ચકાસવાની સૂચના આપી.  આ કાર્ય (ટાસ્ક) નો હેતુ શો છે?

(1) નવા શબ્દભંડોળના ઉપયોગની પ્રેક્ટિસનો

(2) સંરચનાની નિયંત્રિત પ્રેક્ટિસ કરાવવાનો

(3) સાથીદારની ક્ષતિઓ  સુધારવાનું કૌશલ્ય વિકસાવવાનો

(4) સઘન વાચન માટે પ્રેક્ટિસ કરાવવાનો

**117.** બુનિયાદી કક્ષાએ ભાષા શીખતા બાળકો નીચેનામાંથી કઈ પદ્ધતિ દ્વારા વધુ સારી રીતે શીખી શકે?

(1) તેઓ એકાધિક ઈન્દ્રિયોનો અને હાથનો સૂક્રિય ઉપયોગ કરે ત્યારે

(2) તેઓ પોતાની નોટબૂકમાં અક્ષરો ઘૂંટે અથવા વારંવાર લખે ત્યારે

(3) જ્યારે ફાઈન મોટર સ્કીલ પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે ત્યારે

(4) શિક્ષિકા દ્વારા ગવડાવાતાં બાળગીતને ઝીલે ત્યારે

**118.** બુનિયાદી કક્ષા માટેના પાઠ્યપુસ્તકો તેયાર કરતી વખતે નીચેનામાંથી ક્યો સિદ્ધાંત લાગુ નહીં પડે?

(1) પ્રસ્તુતિકરણ સિદ્ધાંત (2) સઘન (કોંક્રિટ) સિદ્ધાંત

(3) સૂક્ષ્મ મૂલ્યાંકન (4) પાઠ્યક્રમ સિદ્ધાંત

**119.** રાષ્ટ્રીય પાઠ્યક્રમ સંરચના (NCF) માં જેની  ભલામણ કરવામાં આવી છે તે પ્રકારની દક્ષતા જો બાળકોને સહભાગિતા, સ્વાગતસભરતા અને આનંદમય વાતાવરણ રચીને આપસી હોય તો નીચેનામાંથી કઈ બાબત આ માટે વધુ ઉચિત જણાશે?

(1) બાળકોના સ્વાસ્થ્ય અને તબિયત પર ધ્યાન આપવું.

(2) બાળકોનું જે કાર્ય હોય તે વિવિધ સ્તરે પ્રદર્શિત કરવું

(3) વિવિધરંગી વાતાવરણના નિર્માણ માટે વર્ગખંડ સુસજ્જિત કરવો

(4) બળબળતી ગરમીમાં એમને મેદાનમાં રાખવાને બદલે એમની પાસે ઈન્ડોર પ્રવૃત્તિઓ કરાવવી

**120.** સાક્ષરતાસિદ્ધિ માટે નીચેનામાંથી કઈ બાબતમાં દક્ષતા કેળવવી જરૂરી છે?

(1) ભાષાભંડોળ પરિચય અને ભાષાયોજના પરિચય

(2) વિસંકેતીકરણ અને ભાષાઆકલન

(3) ચોકસાઈ અને ધ્વનિશાસ્ત્રીય આકલન

(4) ધ્વનિશાસ્ત્રવિષયક જાગૃતિ અને પ્રવાહિતા

prepp
Your Personal Exams Guide

**ભાગ-V (પ્ર. 121 થી 150)** ફક્ત ગુજરાતી **ભાષા-II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted **GUJARATI** as **Language-II** only.

Prepp
Your Personal Exams Guide

## PART-V

## LANGUAGE-II
## GUJARATI

**સૂચના : ભાગ-V (પ્ર. 121 થી 150 ) ફક્ત ગુજરાતી ભાષા-II નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

**નીચેના ફકરો કાળજીપૂર્વક વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર વિકલ્પોમાંથી શોધીને લખો.(121-128)**

આપણે સૌ મનુષ્યો છીએ, માનવ છીએ અને છતાં આ ઉક્તિમાં 'હું માનવી માનવ થાઉં' તો ઘણું એમ કેમ કહ્યું હશે?' એનો અર્થ એવો થયો કે આપણે ખરેખરા માનવ નથી! બે હાથ, બે પગ, માથુ આંખો વગેરેથી યુક્ત માનવશરીર મળી જાય તેથી આપણે માણસ નથી થઈ જતાં, આપણે માનવ બનીએ છીએ માનવીય ગુણોથી. આ જગતનાં મોટા ભાગનાં માનવો પશુવત જીવતાં હોય છે. જન્મવું, મોટા થવું, ભણવું, કમાવું, પરણવું, સંતાન પેદા કરવાં, એ સંતાનોને પાળવાં પોસવાં-મોટા કરવાં પરણાવવાં અને પછી ઘરડા થઈને મરી જવું દેશ લગભગ આજ ક્રમ હોય છે મોટા ભાગનાં માનવોનાં જીવનનો. પ્રજોત્પત્તિ અને પોષણ તો પશુઓ પણ કરે છે. મનુષ્ય પાસેથી વિશેષ અપેક્ષા રહે છે. આ સૃષ્ટિમાં સર્જનહારનું શ્રેષ્ઠ સર્જન મનુષ્ય છે. ચંડિદાસે કહ્યું છે કે 'આધાર પરે માનુસ સત્ય' યુધિષ્ઠિરને ચીંધીને વ્યાસભગવાને પણ કહ્યું છે' મનુષ્યથી શ્રેષ્ઠતર કશું જ નથી.'

મનુષ્યમાં શુભ વૃત્તિ અને અશુભવૃત્તિ રહેલી હોય છે. પરંતુ મોટે ભાગે મનુષ્ય અશુભવૃત્તિઓ તરફ જ વળેલો રહે છે. એનામાં અપાર શક્તિઓ તો છે જ. આ મનુષ્યે મેળવેલી સિદ્ધિઓ જ જુઓને! ચંદ્ર પર પહોંચી ગયો છે, મંગળ પર પહોંચવા પુરુષાર્થ કરી રહ્યો છે. અવકાશમાં નગર સ્થાપવાના પ્રયાસો પણ ચાલે છે. પહેલાંનો મનુષ્ય પરીકથાઓમાં જે વાતો સાંભળતો હતો તે આજે બધી સાકાર થઈ ગઈ છે. દૂર-સૂદૂરનાં દશ્યો એ આજે ઘેરબેઠાં જોઈ શકે છે, દૂરની વ્યક્તિ સાથે વાત કરી શકે છે. આકાશમાં ઉડી શકે છે. આજે બધું જ છે એની પાસે. પણ માનવતા? એ ક્યાંક વચ્ચે ખોવાઈ ગઈ. આ સિદ્ધિઓની યાત્રામાં આજે માણસ પોતાનાં સ્વાર્થમાં અંધ થઈ ગયો છે. નહિ તો હિરોશીમા અને નાગાસાકી જેવી ઘટનાઓ બને ખરી? કહે છે કે આ પૃથ્વીનો સાત વખત વિનાશ થઈ શકે એટલાં અણુશસ્ત્રો માત્ર અમેરિકા અને રશિયા પાસે છે! જો માનસનો વિવેક જાગૃત હોય તો આમ બને? જંગલોનો ઘોર વિનાશ પણ માનવે જ કર્યો છે ને! કરોડો મનુષ્યો જે પારાવાર ગરીબીમાં સબડે છે. પર્યાવરણ આજે ભારે સંકટમાં મૂકાઈ ગયું છે! આ બધી બાબતો સૂચવે છે કે આપણે માત્ર માનવદેહધારી છીએ, માનવ રહ્યા નથી. માનવ બનવા પુરુષાર્થ કરવો પડશે. પ્રેમ, સેવા, સહૃદયતા જેવા માનવીય ગુણોને વિકસાવવા પડશે. ખરેખરા અર્થમાં માનવ બનવું પડશે.

**121.** જંગલોનો વિનાશ કોણે કર્યો?

(1) પક્ષીઓએ (2) પશુઓએ (3) માનવે (4) આગે

**122.** 'પ્રજોત્પત્તિ' શબ્દનો સાચો સંધિવિગ્રહ શોધો.

(1) પ્રજા + ઉત્પત્તિ (2) પ્રજોત્પ + ત્તિ
(3) પ્રજા + જોત્પત્તિ (4) પ્રજા + ત્પત્તિ

**123.** શેનાથી માનવ થઈ શકાય?

(1) જન્મથી (2) પીડાથી (3) ગુણોથી (4) શરીરથી

**124.** જગતમાં મોટા ભાગના કેવું જીવન જીવતા હોય છે?

(1) અમાનવીય (2) પશુવત્ (3) ધાર્મિક (4) માનવીય

Prepp
Your Personal Exams Guide

**125.** 'પારાવાર' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

(1) આકાશ (2) જમીન (3) સાગર (4) વિશાળ

**126.** આ સૃષ્ટિનું શ્રેષ્ઠતમ સર્જન ક્યુ?

(1) ભગવાન (2) પંખી (3) માનવ (4) મંદિર

**127.** માનવ બનવા શું કરવું જરૂરી છે?

(1) અણુશસ્ત્રોની શોધ (2) વૃક્ષોનું જતન
(3) પર્યાવરણનું જતન (4) પુરુષાર્થ

**128.** 'સ્વાર્થમાં અંધ થઈ જવું' શબ્દસમૂહનો એક શબ્દ શોધો.

(1) સ્વાર્થાંધ (2) પ્રજ્ઞાચક્ષુ (3) સૂરદાસ (4) વૃત્તિઅંધ

**નીચેના ફકરો કાળજીપૂર્વક વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોના આધારે ઉત્તર લખો.(129-135)**

આપણા પૂર્વજોએ સવારે વહેલા ઊઠવું, સમયપાલન કરવું, સમતોલ આહાર લેવો, સાદું જીવન અને ઉચ્ચ વિચારોને મહત્ત્વ આપવું, નિયમિત અને સંયમિત જીવન જીવવું આ બધા પાયાના સિદ્ધાંતો સૂચવ્યા છે.

ભારતીય સંસ્કૃતિ શબ્દ નજર સમક્ષ આવતાં જ વિવિધતામાં એકતા, ધર્મસહિષ્ણુતા, સર્વધર્મસમભાવ વગેરે જેવા ભારેખમ શબ્દો જ સ્મૃતિપટ પર અંકાય છે અને એના દ્વારા જ એ સમૃદ્ધ છે. ખરેખર આપણી સંસ્કૃતિ કેવી અને કેટલી અજોડ છે એનો અભ્યાસ કરીએ તો જ એના વિશે કંઈક મંતવ્ય રજૂ કરી શકીએ. પ્રાચીન કાળની રીતભાત, રહેણીકરણી પર નજર નાખીશું તો અવશ્ય ખ્યાલ આવશે કે લોકોનું જીવનધોરણ કેટલું સરળ હતું, જરૂરિયાત કેટલી ઓછી હતી છતાં લોકો કેટલા સુખી અને સંતોષી હતા. લોભ, લાલચ, સ્વાર્થ, કપટ વગેરે જેવા શબ્દો કદાચ એમના શબ્દકોશમાં જ ન હતા. તેઓ પોતાનાં બાળકોમાં સદ્‌ગુણોનું સિંચન કરતા અને એક સારો માનવી બનાવવાની કોશિશ કરતાં. ખાસ કરીને પોતે અમલ કરીને સદ્‌ગુણોનું પાલન કરવાની ટેવ પાડતાં. આ વધારે અસરકારક શિક્ષણ છે એવી સમજ તેઓ ધરાવતા. પ્રાચીન કાળમાં જ્ઞાનને વધારે મહત્ત્વ અપાતું તેથી જ ઋષિમુનિઓને ખૂબ માન અપાતું અને જેટલું મેળવી શકાય એટલું જ્ઞાન લોકો એમની પાસેથી મેળવતા. દરેક ક્ષેત્રમાં સમજપૂર્વક આગળ વધતાં આ સાચી સમજણ અને સ્વાવલંબન એ સંસ્કૃતિની ધરોહર છે. સર્વધર્મસમભાવ અને ધર્મસહિષ્ણુતા પણ આ સમજને કારણે જ જન્મે છે. જો આટલી સમજણ કેળવીશું તો ઉમાશંકર જોશીની પ્રસિદ્ધ પંક્તિ 'માનવી હું માનવ થાઉં તોય ઘણું' ને ખરા અર્થમાં યથાર્થ કરી શકીશું અને એના દ્વારા જ જીવનની સાર્થકતા કેળવાશે.

**129.** 'ધરોહર' એટલે શું?

(1) તૃપ્ત (2) અતૃપ્ત (3) હરી લેનાર (4) ટકાળી રાખનાર

**130.** પ્રાચીન સંસ્કૃતિની ધરોહર કઈ છે?

(1) પરમાર્થ (2) સ્વનિર્ભરતા (3) શોષણ (4) સ્વાર્થ

**131.** 'સ્વાવલંબન' શબ્દનો સાચો સંધિવિગ્રહ શોધો.

(1) સ્વાવ + અંબન (2) સ્વાવ + લંબન
(3) સ્વ + અવલંબન (4) સ્વા + આવલંબન

132. પ્રાચીનકાળમાં માણસો શેને મૂલ્ય આપતા?

(1) વાણી (2) જ્ઞાન (3) વિનય (4) ધન

133. પ્રાચીનકાળમાં લોકોનું જીવન કેવું હતું?

(1) સ્વયંભૂ (2) સંતોષી (3) સ્વલક્ષી (4) લોભી

134. પહેલાનાં લોકો બાળકમાં સદ્‌ગુણોનું સિંચન કેવી રીતે કરતા?

(1) બળપૂર્વક (2) શિક્ષણથી (3) પ્રેમથી (4) પોતાના આચરણથી

135. આપણી સંસ્કૃતિની અદ્વિતીયતાનો ખ્યાલ ક્યારે આવે?

(1) અભ્યાસથી (2) શિક્ષણથી (3) વેપારથી (4) ફરવાથી

136. કોઈ વ્યક્તિ દ્વિતીય ભાષા સરળતાથી ત્યારે જ શીખી શકે જ્યારે :

(1) સ્થાનિક ભાષા બોલનાર લોકોના સમાજના સતત સંપર્ક પડે

(2) ઓડિઓ-લિંગ્વલ (વાણી-શ્રવણ) પદ્ધતિ વડે સંવાદોના પુનરાવર્તન અને પ્રેક્ટિસ દ્વારા

(3) લક્ષ્ય ભાષા બોલવાનો કોર્સ કરવામાં આવે ત્યારે

(4) જ્યાં વ્યાકરણ પર ભાર મૂકવામાં આપતો હોય અને શિક્ષક દ્વારા મદદ કરવામાં આવતી હોય

137. પ્રોત્સાહનનો અને સારા બાળસાહિત્યનો અભાવ એ વાચન સામેનો મોટો પડકાર છે. આને પહોંચી વળવા માટે શું કરવું જોઈએ?

(1) વાલીઓને ઘરમાં નાનકડું પુસ્તકાલય બનાવવા કહેવું જોઈએ

(2) વાચનરસ જગાવવા માટે અને પ્રોત્સાહન આવવાના હેતુથી પુસ્તકો ઉપલબ્ધ અને હાથવગાં કરાવવા જોઈએ

(3) બાળકોનાં વાચનરસ અને પ્રેરણા માટે શાળા સંચાલકોએ બાળકોને પુસ્તકમેળામાં કઈ જવા જોઈએ

(4) શિક્ષકોએ બાળકોને ગૃહકાર્યના એક ભાગ તરીકે રોજ એક પુસ્તક વાંચવાનું કહેવું જોઈએ

138. શિક્ષક બાળકોને એક વાર્તા જલ્દી વાંચીને એના ચાર ચિત્રોને ક્રમમાં ગોકવવાનું કહે છે. આ પદ્ધતિની હેતુ શો છે?

(1) ઉપસંહાર માટે વાચનની પ્રેક્ટિસ કરાવવાનો

(2) ચોક્કસ માહિતી માટે વાચનની પ્રેક્ટિસ કરાવવાનો

(3) વાર્તામાંના કઠિન અને નવા શબ્દો ગોખાવવાનો

(4) ચિત્રોની ગોઠવણ

**139.** પ્રાથમિક કક્ષાએ વાચનકૌશલ્યનું મૂલ્યાંકન કરતી વખતે શિક્ષકે શેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ?

(1) વિરામચિહ્નોના ઉપયોગ પર
(2) યોગ્ય ગતિ સાથેના વાચન પર
(3) સમજણપૂર્વકના વાચન પર
(4) મૂળાક્ષરો ઓળખવા ઉપર

**140.** એક સારી વક્તવ્યપ્રવૃત્તિ કોને કહેવાય?

(1) શિક્ષક ધ્યાનથી સાંભળે
(2) વિદ્યાર્થીઓ વધુ બોલે
(3) બોલકા વિદ્યાર્થીઓની સહભાગિતા મહત્તમ હોય
(4) જેમાં શિક્ષક વધુ સ્પષ્ટીકરણ આપે

**141.** બુનિયાદી કક્ષા માટે મૂલ્યાંકન પદ્ધતિ અને પ્રક્રિયા કેવી હોવી જોઈએ?

(1) બાળકોના અભ્યાસ અનુભવનો વિસ્તાર બની રહે તેવી
(2) વર્ગખંડમાં બાળકોના સમગ્ર પ્રદર્શન મુજબ એની પ્રગતિ નિર્ધારિત કરે એવી
(3) શિક્ષકે બધાં જ બાળકોના મૂલ્યાંકન માટે એકસરખો એક જ માપદંડ રાખવો જોઈએ
(4) નિશ્ચિત કસોટીઓ અને પરીક્ષાઓ વિદ્યાર્થી માટે સુયોગ્ય હોય છે

**142.** મુદ્રિત પુસ્તકો, ઓડિઓ બૂક્સ, અને બાળકોને ઉચ્ચ ક્ષમતા કેળવવામાં મદદરૂપ બને એવા પુસ્તકો વર્ગખંડનો હિસ્સો હોવા જોઈએ કેમ કે :

(1) એનાથી શિક્ષકોને મૂલ્યાંકન માટે વિવિધ પુસ્તકો વાપરવાની સ્વતંત્રતા મળે છે
(2) એના થકી વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓ પુસ્તકો સુધી પહોંચી શકે છે
(3) આ પુસ્તકો શિક્ષકો માટે ભારણ નહીં બને
(4) એનાથી વૈવિધ્ય આવે છે જે બાળકોને ગમે છે

**143.** 'ભાષા શીખવાની પ્રક્રિયા એવી વસ્તુ છે જે જન્મથી આરંભાય છે અને જીવનપર્યંત શરૂ રહે છે'
તમે આ વિધાન સાથે સહમત છો કે અસહમત છો?

(1) હું આ વિધાન સાથે સહમત નથી.
(2) હું આંશિક રીતે સહમત છું.
(3) હું આંશિક રીતે અસહમત છું.
(4) હું આ વિધાન સાથે સહમત છું.

**144.** વિદ્યાર્થીઓ વ્યાકરણના નિયમો ગોખી લે છે અને શબ્દભંડોળ યાદ રાખે છે તેમ જ પોતાની માતૃભાષામાં ઘણું કામ કરી બાધે છે. શિક્ષિકાએ આ માટે કઈ પદ્ધતિ ખપમાં લીધી હશે?

(1) તટસ્થ પદ્ધતિ
(2) પ્રત્યાયનકેન્દ્રી શિક્ષણ
(3) વ્યાકરણ અનુવાદ
(4) પ્રત્યક્ષ પદ્ધતિ

Prepp
Your Personal Exams Guide

**145.** બાળકોના જ્ઞાનેન્દ્રિયવિકાસ અને ભાષા કઈ બાબત સાથે સંલગ્ન છે?

(1) મનુષ્ય ભાષાપ્રાવીણ્યની ક્ષમતા જન્મજાત મેળવે છે

(2) આ બંને વચ્ચે કોઈ બાબત જોડાણરૂપ નથી

(3) બાળકો જે સંસ્કૃતિ અને સમુદાયમાં જીવતા હોય છે તેની સાથે

(4) અનુકરણપ્રક્રિયા અને ઉદ્દીપન-પ્રતિભાવ જોડાણ સાથે

**146.** સમગ્ર ભાષા અભિગમ (હોલ લેંગ્વેજ અપ્રોચ)એટલે?

(1) દક્ષતા આધારિત (2) ધ્વનિસંયોજન

(3) ધ્વનિ-પ્રતીક સંબંધિત (4) અર્થ આધારિત

**147.** જો બાળકો પોતાની આસપાસના વાતાવરણમાં બે ભાષાઓ બોલાતી સાંભળે તો એની શું અસર થશે?

(1) એનાથી બાળકોને ફાયદો થશે

(2) એનાથી કશો ફરક નહીં પડે

(3) એનાથી બાળકોની સમજણમાં ગૂંચવણા સર્જાશે

(4) એનાથી બાળકો હતોત્સાહ થશે

**148.** જેમાં ચોક્કસ હેતુઓ અને ટાસ્ક સમાયેલા છે અને વિદ્યાર્થીઓ ધ્યાન અને કાળજીપૂર્વક વિસ્તૃત વાચન કરે એવી અપેક્ષા સેવાય તેવું વાચન ક્યુ છે?

(1) સઘન વાચન (2) માર્ગદર્શનાનુસાર વાચન

(3) નિજાનંદ માટે વાચન (4) વિસ્તૃત વાચન

**149.** શિક્ષક વર્ગના વિદ્યાર્થીઓને જૂથોમાં વહેંચી દઇને તેણે પોરો હમણાં જ અખબારમાંથી જે રસપ્રદ લેખ વાંચ્યો એની ચર્ચા કરવાનું કહે છે. આ પ્રવૃત્તિ શેના માટે છે?

(1) નિયંત્રિત મૌખિક પ્રેક્ટિસ (2) ગાઈડેડ મૌખિક પ્રેક્ટિસ

(3) સક્રિય શ્રવણ (4) મૌખિક પ્રવાહિતા પ્રેક્ટિસ

**150.** શિક્ષકે આપેલા નમૂનારૂપ વાક્યોના પુનરાવર્તન દ્વારા બાળકો ભાષાભાત શીખે છે. વિદ્યાર્થીઓ વાક્યો યાદ રાખી લે છે અને એની યોગ્ય રજૂઆત કરે છે ત્યારે શિક્ષક એને સકારાત્મક રીતે સુદૃઢ બનાવે છે. શિક્ષક કઈ પદ્ધતિ વાપરે છે?

(1) પ્રત્યાયનકેન્દ્રી પદ્ધતિ (2) સમગ્ર ભૌતિક પ્રતિભાવ

(3) સંરચનાત્મક પદ્ધતિ (4) ઓડિઓ-લિંગ્વલ પદ્ધતિ

- o O o -

Prepp Your Personal Exam Guide

SPACE FOR ROUGH WORK

Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-**2** માં એક જ વર્તુળને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે પરીક્ષાર્થીનું પરીક્ષા રદ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે. **પરીક્ષાર્થીએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન હાજરીપત્રકમાં આપેલ નિયત સ્થાન પર અચૂક કરવાનું રહેશે.**
12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. ***પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.***

Prepp
Your Personal Exams Guide

## निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **नीले/काले बॉल पॉइन्ट पेन** से भरें। एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ। परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के कोड या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी।
5. परीक्षा पुस्तिका/उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका कोड व संख्या को परीक्षार्थी सही तरीके से उपस्थिति-पत्र में लिखें।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी। इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्विच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए। इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और परीक्षार्थी विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं उपस्थिति-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे। यदि किसी परीक्षार्थी ने दूसरी बार उपस्थिति-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा। **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान उपस्थिति-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ।**
12. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी परीक्षण संस्था के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं। अनुचित साधनों के सभी मामलों का फैसला परीक्षण संस्था के नियमों एवं विनियमों के अनुसार होगा।
14. किसी भी परिस्थिति में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल/कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र निरीक्षक को अवश्य सौंप दें।** ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं।***

## READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Blue / Black Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against the candidate including cancellation of examination.
9. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his/her seat.
11. The candidates should not leave the Examination Hall/Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic/Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Examining Body with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Examining Body.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***